# આણંદ કૃષિ યુનિવર્સિટીમાં

## ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫ વર્ષ ની પુણ્ય સ્મૃતિમાં આયોજિત વ્યાખ્યાન :







આણંદ કૃષિ યુનિવર્સિટીમાં તા.૨૯/૦૩/૨૦૧૬ ના રોજ ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫ મી જન્મ જયંતી વર્ષ ના ઉપલક્ષ માં જાણીતા પત્રકાર અને લેખક ડૉ.હરિભાઈ દેસાઈનું "ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનું જીવન અને ભારતના બંધારણમાં તેમનો ફાળો" વિષય પર વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવેલ હતું. વ્યાખ્યાન ની શરુઆત માં ડૉ.વાય.સી.ઝાલા,પ્રિન્સીપાલ અને ડીન, ઇન્ટરનેશનલ એગ્રીબિઝનેશ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયૂટ, આકૃયુ, આણંદ ધ્વારા સર્વે નું સ્વાગત કરી મહેમાન નો પરિચય આપેલ હતો. વ્યાખ્યાન માં યુનિવર્સિટીના અધિકારીઓ, કમર્ચારીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ. વ્યાખ્યાન થકી  સાંપ્રત સમય માં જે કોઈ ખોટી માન્યતાઓ તથા ખ્યાલો રહેલ છે તેનું નિરાકરણ થયેલ તથા ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકર જેવી બહુમુખી પ્રતિભા વિષે  તથા  ભારતના બંધારણમાં તેમના ફાળા વિષે લોકોએ જાણકારી મેળવેલ હતી. વ્યાખ્યાનમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી ડૉ.એન.સી.પટેલ સાહેબ ઉપસ્થિત રહેલ અને તેમણે વિદ્યાર્થીઓ ને સંદેશ આપેલ કે તેઓએ ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ના કર્યો થી માહિતગાર થવું જરૂરી છે. તથા તેમના જીવન પરથી બોધપાઠ લેવો જોઈએ.તેમજ જુદીજુદી ફેકલ્ટી ના આચાર્યોશ્રી ઓ ને જણાવેલ કે આવા જુદાજુદા નિષ્ણાતો ને બોલાવી આવા વ્યાખ્યાનો નું આયોજન કરવું જોઈએ. કાર્યક્રમ ની અંત માં ડૉ.એસ.એચ.અકબરી, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, આકૃયુ, આણંદ ધ્વારા આભારવિધિ કરવામાં આવેલ હતી.